**<u>ક્રિમિનલ અપીલ નં.૩૪૦/૨૦૨૬</u>**

**<u>આંકઃ ૦૪ ની અરજી નીચે હુકમઃ</u>**

(૧) આ કામના એપેલન્ટ- મુળ આરોપીએ હાલની અરજી કરી, તેઓને ઉમરેઠના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ક્રિમિનલ કેસ નં.૪૩૩/૨૦૨૫ ના કામે તા.૨૭-૦૫-૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સાદી કેદ તથા ફરિયાદીને વળતર ચુકવી આપવાના કરેલ હુકમ સામે તેઓએ અપીલ કરેલ છે અને વધુમાં એપેલન્ટ તરફે એવી રજૂઆત છે કે, કહેવાતો ગુનો એપેલન્ટે કરેલ નથી, તદ્દન નિર્દોષ છે. એપેલન્ટ કુટુંબ કબીલાવાળા છે અને કુટુંબનું ભરણ-પોષણ કરે છે. અપીલમાં બતાવેલ સરનામે કાયમી રહે છે. જામીન મુક્ત કરવામાં ન આવે તો એપેલન્ટના કાયદેસરના હક્કોને ગંભીર નુકસાન થાય તેમ છે અને ન્યાય મેળવવાના તમામ હક્કોનો અંત આવી જાય તેમ છે. અપીલના કારણો જોતાં એપેલન્ટના લાભમાં હુકમ થવાની અને ટ્રાયલ કોર્ટનો હુકમ રદ થવાની પુરી શક્યતા છે જેથી ટ્રાયલ કોર્ટે આંકઃ ૨૫ થી કરેલ હુકમની અમલવારી અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવા તથા યોગ્ય રકમ અને શરતોને આધીર જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલી છે.

(૨) એપેલન્ટ - મુળ આરોપીની અરજી વંચાણે લીધી. પક્ષકારોની રજૂઆતો ધ્યાને લીધી તથા ટ્રાયલ કોર્ટનો ઠરાવ વંચાણે લીધો. ટ્રાયલ કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા અને વળતરનો હુકમ કરેલ છે. એપેલન્ટે તે સામે અપીલ કરેલ છે. સદર ગુનો જામીનપાત્ર છે. સદર સજાના સમયગાળાને ધ્યાને લેતાં તેમજ એપેલન્ટ- આરોપીની સદર અરજીની હકીકતોને ધ્યાને લેતાં તેમજ ચેકની રકમના ૨૦ ટકા રકમ ડિપોઝીટ પેટે જમા લઈ ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાનો હુકમ હાલ અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવો ઉચિત જણાય છે. એપેલન્ટ-

આરોપીને જામીન ઉપર છોડવામાં ન આવે તો તેઓને મળેલ બંધારણીય હક્ક છીનવાઈ જાય તેમ હોઈ ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાનો હુકમ અપીલના આખરી નિકાલ થતાં સુધી મોકૂફ રાખી એપેલન્ટ– આરોપીને કેટલીક શરતોને આધીન અપીલ ચાલતાં દરમ્યાન જામીન મુક્ત કરવા ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–/ હુ ક મ /–**

(૧) એપેલન્ટ– મુળ આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ– આરોપીને ઉમરેઠના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ક્રિમિનલ કેસ નં.૪૩૩/૨૦૨૫ ના કામે તા.૨૭–૦૫–૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કેદની સજાનો તથા વળતરનો ફરમાવેલ હુકમનો અમલ એપેલન્ટ– આરોપીએ ચેકની રકમના ૨૦ ટકા રકમ ડિપોઝીટ પેટે અત્રેની અદાલતમાં સદર હુકમની તારીખથી ૬૦ દિવસમાં જમા કરાવેથી સદર અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવાનો તેમજ એપેલન્ટે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) એપેલન્ટ–આરોપીએ પુરાવા સાથે પોતાના હાલના તેમજ કાયમી રહેઠાણનું સરનામું પુરસીસથી અત્રેની અદાલતમાં જાહેર કરવું અને રહેઠાણનું સ્થળ બદલાય તો અત્રેની અદાલતને તેની જાણ કરવી.

(૨) એપેલન્ટ – આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર છુટયા બાદ અત્રેની કોર્ટમાં દિન–૭ માં રજૂ કરવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું રજૂ કરવું.

(૩) એપેલન્ટ– આરોપીએ આ કોર્ટની પૂર્વપરવાનગી વીના ભારત દેશની હદ છોડવી નહી.

(૪) એપેલન્ટ– આરોપીએ અપીલના કામે નિયમિત અદાલતમાં હાજર રહેવું.

એપેલન્ટ – આરોપીએ જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

હુકમ મુજબની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૧૫ માહેઃ જુન સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૧૫–૦૬–૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ,
આણંદ.
(કોડ નં.જી.જે.૦૦૫૮૮)

IBRaval